

# મિથિલાને OTT ફિલ્મો મંજૂર

મુવિયાના

મિથિલા પાલકર લગભગ ખોવાય ગયેલી હતી પણ હવે 'સ્વિટ ડ્રીમ્સ'માં અમોલ પારાશર સાથે જોવા મળશે. આ ફિલ્મ બન્ને વચ્ચેની લવસ્ટોરી છે પણ તેમાં વાસ્તવિકતા અને કપોળ કલ્પનાનું મિશ્રણ છે. ડિઝની પ્લસ હોટસ્ટાર પર 24મી જાન્યુઆરીએ રજૂ થતી આ ફિલ્મ ઘુંઘરાળાવાળ વાળી મિથિલાને ફરી સરસ ભૂમિકામાં દેખાડશે. હવે કેટલાંક અભિનેતા-અભિનેત્રી જાણે ઓટીટીસ્ટાર બની ગયા છે. મિથિલા છે. 'લિટલ થિંગ્સ' (2016) માટે જાણીતી છે. કાજોલ સાથે તે 'ત્રિભંગ'માં પણ દેખાય હતી. આ 11મી જાન્યુઆરીએ 32 વર્ષની થયેલી મિથિલા એકદમ પાક્કી મુંબઇ ગર્લ છે. પહેલાં વસઇ રહેતી હતી હવે નાના-નાની સાથે દાદર રહે છે. મિથિલાની બહેન ન્યૂરો સાયન્સમાં પીએચડી છે અને લોસ એંજલસમાં રહે છે. મિથિલા પણ તેજસ્વી વિદ્યાર્થી હતા પણ અભિનય તરફ વળી અને 2014માં એક મરાઠી લઘુ ફિલ્મ 'માઝા હનીમૂન'માં આવી આ ફિલ્મને ઘણી પ્રશંસા મળી પરંતુ ઇમરાન કાન સાથે 'કટ્ટીબટ્ટી'માં આવી ત્યારે બધાએ વધારે જાણી. મિથિલા ફક્ત મરાઠી કે હિન્દી જ નહીં ઈંગ્લિશ, તેલુગુ ફિલ્મોમાં પણ કામ કરી ચુકી છે. અને પાંચેક વેબ સિરીઝમાં તેની પ્રતિભા વધારે નિખાર પામી છે. 'ગર્લ ઇન ધ સિટી' તો 2016 થી 2021 સુધી ચાલી અને એ ત્રણે સિઝનમાં તે મીરા સહગલ તરીકે છવાઈ ગઈહતી. 'લિટલ થિંગ્સ'ની ચાર સિઝન નેટફ્લિક્સ પર આવી અને તેમાં તે કાવ્યા કુલકર્ણી હતી. 'ઓફિસિઅલ ચુક્યાગિરીમાં તે મિલિ હતી. મિથિલા સારી ભૂમિકા માટે જાણીતી છે. તમે તેને દલકિર સલમાન ઇરફાન ખાન સાથે કારવાંમાં, ચોપસ્ટિક્સમાં અભય દેઓલ સાથે 'ત્રિભંગ'માં માશા તરીકે જોઈ હશે. મિથિલા ટિપીકલ લુક્સ ધરાવતી નથી એટલે ટિપીકલ પાત્રોમાં પણ ઓછી જ દેખાય છે પણ સ્વિટ ડ્રીમ પછી હેપી પટેલ અને ખતરનાક જાસૂસમાં આવી રહી છે. તેની પાસે સાઉથની 'ઓહો એંથન બેબી' પણ છેઅને તાહિર રાજભસીન, ચંકી પાંડે સાથે 'સાલે આશિક' ઉપરાંત જાવેદ જાફરી સાથે ઇન ધ રિંગ પણ છે. મિથિલા અત્યંત મનોરંજક ફિલ્મનો હિસ્સો ક્યારેક જ બને છે પણ તે કહે છે કે જેમાં ટોપ સ્ટાર્સ હોય તે ફિલ્મો જ મનોરંજન આપી શકે તે ખ્યાલ ખોટો છે. હવે મનોરંજનની વ્યાખ્યા ઘણી વિસ્તૃત થઇ ચુકી છે અને પ્રેક્ષકો પણ જૂદા જુદા પ્રકારનાં છે. કેટલાંકને હંમેશા ઓટીટી પરની જ ફિલ્મો જોવી છે. થિયેટરમાં જનારો વર્ગ હવે ઓછો થઇ રહ્યો છે કારણકે થિયેટરમાં પ્રેક્ષકોને લાવનારા સ્ટાર્સ ઓછા થઇ ગયા છે. ●

> મિથિલા ફક્ત મરાઠી કે હિન્દી જ નહીં ઇંગ્લિશ, તેલુગુ ફિલ્મોમાં પણ કામ કરી ચુકી છે. અને પાંચેક વેબ સિરીઝમાં તેની પ્રતિભા વધારે નિખાર પામી છે



# ખાન કે કપૂર નહીં રાજ 'કુમાર' તો ખરો જ



કેમેરા ઓન

નાના ગણાતા અભિનેતા હવે નાના રહીને જ મોટા થાય છે. વિકી કૌશલ, મનોજ વાજપેયી, નવાઝુદ્દીન સિદ્દીકી, આર. માધવન, વિક્રાંત મેસ્સીને તમે ઉદાહરણ ગણી શકો. મોટા સ્ટાર સસલાની દોડ દોડે ને આ બધા કાચબાની જેમ સતત ચાલતા રહે. વિકી તો હવે ખરેખર સ્ટાર બની ગયો છે અને હજુ એક નામ ઉમેરો તો રાજકુમાર રાવ પણ છે. બોર વેચો કે તરબુચ. ફળ મોટું હોય એટલે મોટો ધંધો થાય તેવું નથી. રાજકુમાર રાવ બોર વેચે છે. પણ 2024માં તેની ચાર ફિલ્મ રજૂ થયેલી. 2023માં 3, 2022માં પણ 3. શાહરૂખ ખાન, સલમાન ખાન પાસે અત્યારે 1-1 ફિલ્મ છે અને રાજકુમાર રાવ પાસે 8 ફિલ્મો છે. જેણે પોતાને જેવા સ્ટાર માનવા હોય તે માને. રાજકુમાર બોર વેચી ઘરે તરબુચ આકારના પૈસા લઈને જાય છે. તમે માનો ન માનો તે તો હવે ફિલ્મ નિર્માતા પણ થઈ ગયો છે ને બે ફિલ્મ પ્રોડ્યુસ કરી રહ્યો છે. એકનો દિગ્દર્શક આદિત્ય નિબાંલકર છે તો બીજી ફિલ્મ વિવેકદાસ ચૌધરીનાં દિગ્દર્શનમાં બનશે. રાજકુમાર રાવને ફિલ્મ નિર્માણનું ગણિત અને બિઝનેસ સમજાવા લાગ્યો છે. રાજકુમાર વિશે તમે એટલું જરૂર કહી શકો કે તે નોનસ્ટારર ફિલ્મોનો સ્ટાર છે. તેના નામે 200-500 કરોડની સફળતાવાળી ફિલ્મ ન ચડે પણ ઓછા બજેટની ફિલ્મ 50 કરોડની કમાણી કરે તો પણ નફાની ટકાવારી મોટી હોય છે. 'રાગિની એમએમએસ', 'ગેંગ્સ ઓફ વાસેપૂર', 'શાહીદ', 'કાઈ પો છે'અને 'ક્વિન'સુધીમાં તે એક એવો અભિનેતા જાહેર થઈ ગયો જેના નામે તે જે કામ કરતો હતો તેવા પ્રકારની ફિલ્મો વેચી શકાય. તેની આ ઓળખ 'સિટી લાઈટ્સ', 'ડોલી કી ડોલી', 'અલીગઢ', 'લવ સોનિયા'અને 'સ્ત્રી' સુધીમાં પોસ્ટર બોય ઈમેજ બની ગઈ. તેને ઐશ્વર્યા રાય, સોનમ કપૂર, કંગના રણૌત સાથે ફિલ્મો મળવા માંડી. હીરોઈન જ્યારે ઓછા બજેટની અને જૂદા વિષયની ફિલ્મ કરવાની હોય તો તેમને રાજકુમાર રાવ પરવડે. ને એમ કરતાં તેને 'બધાઈ દો'માં ભૂમિ પેડનેકર, 'મોનિકા, ઓ માય ડાર્લિંગ'માં હુમા કુરેશી, 'રુહી'માં અને 'મિ એન્ડ મિસીસ માહી'માં જાન્હવી કપૂર અને હમણાં 'વિકી વિદ્યા કા વો વાલા વિડીયો'માં તૃપ્તિ ડીમરી મળી. રાજકુમાર હવે 'બચપન કા પ્યાર'માં વાણી કપૂર, 'માલિક'માં મેઘા શંકર સાથે કરણ શર્મા દિગ્દર્શીત ફિલ્મમાં વામિકા ગબ્બી સાથે કામ કરે છે. આ યાદી મોટી કરી શકાય છે.

રાજકુમાર રાવ પોતાને મળેલી સફળતા પછી ફાટીને ધુમાડે ગયો નથી કારણ કે તે સમજે છે કે તેની સફળતાનો શાહરૂખ, સલમાન, ઋતિક, રણબીર સાથે મેળ નથી. તેના ઈલાકા જુદા છે અને પોતે ખોટા વહેમમાં નથી. હા, ક્યારેક 5-10 લાખ ફી હતી હવે પૂરા 6 કરોડ વસુલે છે. તેણે ખુશ થવું જોઈએ અને પત્ની પત્રલેખા સાથે ખુશ છે ય ખરો! તે કહે છે કે હું કળાકાર છું, કોમોડિટી નથી. આ તેનું યોગ્ય મૂલ્યાંકન છે. 'સ્ત્રી-2'એ મોટો ધંધો કર્યો હોય તે સારી વાત પણ કળાકાર રહેવું જ બરાબર છે. રાજકુમાર ફિલ્મ જગતની કુટેવોમાં ફસાયા વિના, લફડાબાજી, દારુબાજીમાં પડ્યો નથી. રાજકુમારની સફળતાને તમે મેનેજમેન્ટના વર્ગમાં ભણાવી શકો. ●

> રાજકુમાર રાવ પાસે 8 ફિલ્મો છે. જેણે પોતાને જેવા સ્ટાર માનવા હોય તે માને. રાજકુમાર બોર વેચી ઘરે તરબુચ આકારના પૈસા લઈને જાય છે

# નીલ નિતીન મુકેશનો હિસાબ બરાબર ક્યારે થશે?

**નીલ નિતીન મુકેશે લેખક અને દિગ્દર્શક તરીકે 'બાયપાસ રોડ' બનાવી પણ તેય એવી ચાલી નહીં કે પોતાને નિર્માતા-દિગ્દર્શક તરીકે આગળ વધારે. 'બાયપાસ રોડ'ના દિગ્દર્શક તરીકે તેણે નમન નિતીન મુકેશ નામ રાખેલું. બાકી અંગત જીવનમાં તો તે નુર્વી નામની દીકરીનો પિતા છે**

એક્ટર્સ લાઈફ

નીલ નિતીન મુકેશની કારકિર્દીમાં જોરદાર પવન ફૂંકાતો નથી તે નથી જ ફૂંકાતો. તે એક હેન્ડસમ અભિનેતા છે છતાં પરદા પર તેનું પડવું જોઇતું વજન પડ્યું નથી તેની કોઇ ખાસ સ્ટાઇલ પણ પાકી નથી થઇ. ફિલ્મમાં કોઇ ખાસ ઓળખ બનવી જરૂરી હોય છે અથવા એકાદ-બે સફળ પાત્રો નામે ચઢવાં જરૂરી હોય છે. નીલને નામે આવું કશું નથી બન્યું. તે જરૂર હતાશ હશે. હમણાં તેની 'હિસાબ બરાબર' ફિલ્મ આવી રહી છે જે ખરેખર તો ગયા વર્ષે રજૂ થવાની હતી. આ ફિલ્મમાં તેની ભૂમિકા કેટલી મહત્ત્વની છે તે પણ સ્પષ્ટ નથી થતું અને ફિલ્મ કયો વિષય ધરાવે છે તે પણ સમજાતું નથી. અશ્વિની ધીર આ પહેલાં 'અતિથિ તુમ કબ જાઓગે', 'સન ઓફ સરદાર' જેવી ફિલ્મો માટે જાણીતો રહ્યો છે પણ હમણાં તેનો આત્મવિશ્વાસ જરા મોળો પડયો છે. 'હિસાબ બરાબર'થી તે જો હિસાબ બરાબર કરે તો નીલ નિતીશ મુકેશના હિસાબમાં કાંઈક લાભ થાય. તેની સાથે આર માધવન જેવો સશક્ત અભિનેતા છે. નીલ નિતીન મુકેશ 'જહોની ગદાર', 'ન્યૂયોર્ક', 'લફંગે પરિન્દે', 'પ્રેમ રતન ધન પાયો', 'વઝીર', 'ઈન્દુ સરકાર', 'ગોલમાલ અગેઇન' જેવી ફિલ્મોમાં સારી ભૂમિકા કરી ચૂકયો છે. તે કયારેય એવું નથી કહેતો કે મારા દાદા વિખ્યાત પાર્શ્વગાયક મુકેશ છે. તે પોતાની લડત પોતાની રીતે લડે છે. તેની પાસે અત્યારે પણ 'ફીરકી', 'મટકા' અને 'માયા વન' જેવી ફિલ્મો છે અને છતાં લાગે છે કે આ ફિલ્મોની રાહ નીલ પોતે જ જોતો હશે. પ્રેક્ષકો જયાં સુધી કળાકારની રાહ જોતાં ન થાય ત્યાં સુધી કર્યું-કારવ્યું ફોક ગણાતું હોય છે. નીલ નિતીન મુકેશે લેખક અને દિગ્દર્શક તરીકે 'બાયપાસ રોડ' બનાવી પણ તેય એવી ચાલી નહીં કે પોતાને નિર્માતા-દિગ્દર્શક તરીકે આગળ વધારે. 'બાયપાસ રોડ'ના દિગ્દર્શક તરીકે તેણે નમન નિતીન મુકેશ નામ રાખેલું. બાકી અંગત જીવનમાં તો તે નુર્વી નામની દીકરીનો પિતા છે. રુકમણી સહાયને પરણેલા નીલના લગ્નને આઠ વર્ષ થયાં છે. 42 વર્ષનો નીલ વધુ સારા ભવિષ્યની આશા રાખી શકે તેમ છે કારણ કે તે કોઇ નબળો અભિનેતા નથી પણ ગુજરાતી શ્રીમાળી દાદીમાનો આ પૌત્ર કયાંક નસીબનો માર વેઠી રહ્યો છે. બાકી યશરાજની 'ન્યૂયોર્ક', સુરજ બડજાત્યાની 'પ્રેમ રતન ધન પાયો', રોહિત શેટ્ટીની 'ગોલમાલ અગેન', સુજીથ દિગ્દર્શિત 'સાહો' પછી પણ નીલના ખાતામાં નીલ તો ન હોઈ શકે. આ 15 જાન્યુઆરીએ તેનો જન્મદિવસ હતો. તેને ભેટ તો મળવી જોઈએ તો જ 'હિસાબ બરાબર' થશે. ●

# ઓસ્કાર માટે કોણ છે જોરદાર

ઓસ્કાર ઈવેન્ટ

હિન્દી ફિલ્મને ઓસ્કાર એવોર્ડ મળે તેવું તો બહુ બનતું નથી પણ નોમીનેશન મળે તેને પણ ખૂબ ચર્ચા મળી જાય છે એટલે આ વખતે આમીર-કિરણની 'લાપતા લેડિઝ' ચર્ચામાં રહી. ભલે તે હવે આગળ નથી વધી છતાં આમીર માટે એટલું જ પૂરતું છે કે અગાઉ 'લગાન' પણ ઓસ્કારમાં ચર્ચા જગાવવા સુધી પહોંચી હતી. આ વખતે ઓસ્કાર્સ 2025માં જે શોર્ટલિસ્ટ પામેલી ફિલ્મો છે તેમાં 'અડુજીવથમ - ધ ગોટલાઇફ', 'સંતોષ', 'સ્વાતંત્ર્ય વીર સાવરકર', , 'ગર્લ્સ વીલ બી ગર્લ્સ' ઉપરાંત 'કંગુવા' શામિલ છે. હિન્દીની ફક્ત 'સંતોષ' સામે સાઉથની ફિલ્મોનો દબદબો છે. 97માં એકેડમી એવોર્ડ માટે પસંદ કરાયેલી કુલ 323 ફિલ્મોમાં ભારતની આ ફિલ્મો પ્રતિનિધિત્વ કરશે. 17મી જાન્યુઆરીએ ઓસ્કારનાં નોમીનેશન્સ જાહેર થયા અને બીજી માર્ચે એવોર્ડ સેરિમની યોજાવાની છે. ઘણા ધારણા હતી કે સૂરીયાની 'કાંગુવા' જોર કરી શકે છે જેમાં બોબી દેઓલ અને દિશા પટની પણ છે. બંગાળની 'પૂતૂલ'માં નોમીનેશન મેળવવાની આશા હતી અને 'સંતોષ' અને 'સ્વાતંત્રતા વીર સાવરકર' જેવી બે હિન્દી ફિલ્મો પણ તેની સાથે છે. 'અડુજીવીથમ- ધ ગોટ લાઈફ' ફિલ્મ એક નવલકથા પર આધારીત છે. ગલ્ફના દેશોમાં મલયાલી ઈમિગ્રાન્ટ મજૂર નજીબની રિયલ લાઈફ સ્ટોરી પર તે આધારીત છે. પૃથ્વીરાજ સુકુમારન તેમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. 'પૂતૂલ' ફિલ્મ ઈન્દિરા ઘરના નિર્માણ અને દિગ્દર્શન હેઠળ બની છે અને તે એવી પ્રથમ બંગાળી ફિલ્મ છે જેને 97માં એકેડમી એવોર્ડમાં શ્રેષ્ઠ ફિલ્મની કેટેગરીમાં સ્થાન મળ્યું છે. 'સંતોષ' ફિલ્મ સંધ્યા સૂરીના દિગ્દર્શનમાં બની છે જેમાં શહાના ગોસ્વામી તેના પોલીસ કોન્સ્ટેબલ પતિના મૃત્યુ પછી પોલીસમાં નોકરી મેળવે છે. 'સ્વતંત્રતા વીર સાવરકર' રણદીપ હુડાએ સહ નિર્માતા તરીકે બનાવી છે જેનો લેખક-દિગ્દર્શક મુખ્ય અભિનેતા તે પોતે જ છે. ભારતમાં અત્યારે સાવરકરની ઘણી ચર્ચા છે તો આ ફિલ્મ ઓસ્કારમાં પણ ચર્ચા જગાવે એવી આશા છે. 'ઓલ વી ઈમેજિન એઝ લાઈટ' તો પાયલ કાપડિયાના લેખન દિગ્દર્શનમાં બની છે અને કેટલાક આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં રજૂ પણ થઈ ચુકી છે. 'ગર્લ્સ' વીલ બી ગર્લ્સ' 'સુચી તલાટીના લેખન દિગ્દર્શન હેઠળ બની છે જેમાં પ્રિતી પાણીગ્રહી અને કાનીકુશ્રુતિ છે. દિગ્દર્શક અને અભિનેતા અભિનેત્રીની આ પહેલી જ ફિલ્મ છે. જેમાં ટીનેજર મીરાની રોમેન્ટિક લાઈફ અને વધુ પડતી પ્રોટેક્ટિવમા વચ્ચેના સંકુલ સંબંધોની વાત છે. આઠ ડિસેમ્બરથી ઓસ્કાર નોમીનેશનની મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે જે 17 જાન્યુઆરીએ પૂરી થવાની હતી. ફિલ્મ જગતનાં લોકોમાં એક છાનો ઈંતેજાર છે કે કઈ ફિલ્મો નોમીનેટ થશે. ●










